Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor:3.021 website: www.researchguru.net
Volume-11,Issue-4,March-2018

# થરાદમાં શિક્ષણની જ્યોત પ્રગટાવનાર લોકકર્મી શ્રી જગતાભાઈ પટેલ- "શાસ્ત્રીજી"

**પ્રકાશકુમાર ગણપતભાઈ સુથાર**

અનુસ્નાતક વિદ્યાર્થી, શ્રી & શ્રીમતિ પી.કે.કોટાવાલા આર્ટસ કૉલેજ, પાટણ

❖ **પ્રસ્તાવના :**

બનાસકાંઠા જિલ્લામાં સ્વાતંત્ર્યપ્રાપ્તિના સમયે અંતરિયાળ છેવાડાના થરાદ-વાવમાં આઝાદીનો ઉજાસ પહોચાડવામાં જગતાભાઈ પટેલ, ભીખાભાઈ.જે.પટેલ, પુનમચંદ પરીખ, મોહનલાલ પરીખ, હીરાલાલ પરીખ, વાઘાભાઈ.કે.પટેલ, સવાભાઇ લગધીરભાઈ પટેલ, રણછોડભાઈ રાયમલભાઈ, અમરતભાઈ દેસાઈ, ભાણાભાઈ, મનજીભાઈ વિરમભાઇ પટેલ(મલુપુર), કાનાભાઈ ચૌધરી, તેજાભાઈ ભાણાભાઈ પટેલ વગેરે સ્થાનિક આગેવાનોનો ફાળો અગત્યનો હતો. ભારત દેશ ૧૫/૦૮/૧૯૪૭ ના રોજ આઝાદ થયો હોવા છતાં થરાદ-વાવ પ્રદેશમાં સાચી લોકશાહી ઈ.સ. ૧૯૫૨-૫૩ માં આવી હતી. આ અંતરિયાળ પ્રદેશના લોકોને આઝાદી વિશે સમજાવવા માટે સ્થાનિક આગેવાનો એ ખુબ પ્રયત્નો કર્યા હતા.

❖ પ્રારંભિક જીવન :

થરાદ તાલુકાના નાગલા ગામે માવાભાઈ રામજીભાઈ પટેલ (કાંદળી) અને માતા કરમાંબેનના ત્યાં જગતાભાઈનો જન્મ તા.૦૭/૦૯/૧૯૨૭ ના રોજ થયો હતો. જગતાભાઈએ બાળપણમાં માતા-પિતા,દાદા પાસેથી શ્રીમદ્ ભાગવત ગીતા, મહાભારત, રામાયણ, ભજનો વગેરેનું જ્ઞાન મેળવી લીધું હતું. જગતાભાઈએ પ્રાથમિક શિક્ષણ

ખાનગી પ્રાથમિક શાળામાં ચાર માસ લીધું હતું. જેમાં તેઓ લખતા-વાચતા શીખ્યા હતા. તેમની યુવાન વયે ભારત દેશમાં આઝાદીની ચળવળો ચાલતી હતી, ત્યારે તેઓ ભારતની સ્વતંત્રતાની વાતો સાંભળવાનો શોખ ધરાવતા હતા. આ શોખે તેમને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી આગેવાન બનવાની પ્રેરણા પૂરી પાડી.

❖ ગાંધીયુગની ચળવળમાં ભૂમિકા :

જગતાભાઈને સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળોની વાતો સાંભળવાના શોખથી તેમને પદયાત્રા કઢાવાની પ્રેરણા મળી. સ્વતંત્રતા સંગ્રામ વખતે કાલિદાસ ભોજક, અકબરભાઈ ચાવડા, જોહરાબેન ચાવડા બનાસકાંઠાના ગામેગામ ખુંદતા ખેડૂતોને આંદોલનમાં તથા રાષ્ટ્રીય ચળવળમાં ભાગ લેવા માટે યુવાનો અને સ્વયંસેવકોની સાથે મળીને સભાઓ ભરતા હતા, ત્યારે તેઓએ થરાદની મુલાકાત લીધી ત્યારે પુનમચંદ પરીખ, ભીખાભાઈ પટેલ, હકુમતસિંહ, જગતાભાઈ પટેલ, હીરાલાલ પરીખ, હકુમતસિંહ હરગોવિંદસિંહ વગેરેના પ્રયત્નોથી થરાદ સ્ટેટના દરબાર વાઘેલા ભીમસિંહજીને અંગ્રેજોને ભારતમાંથી હાંકી કાઢવા માટે ગાંધીમાર્ગે આંદોલન ચલાવવા માટે સમજાવ્યા. વાઘેલા ભીમસિંહજી સહમત થયા અને આર્થિક મદદ તથા સમાજ સેવાની પ્રવૃતિમાં રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર કરવાની પ્રવૃત્તિમાં જોડાવા તૈયાર થયા. ઈ.સ. ૧૯૪૨માં “હિન્દ છોડો” આંદોલન વખતે સ્વયં સેવકોને રહેવા ખાવા-પીવા માટે સગવડતા કરી આપવાનું વચન આપ્યું. રાષ્ટ્રીય શિક્ષણને મહત્વ આપવા માટે ઈ.સ.૧૯૨૦-૨૧માં અસહકારના આંદોલન વખતે વિદેશી શિક્ષણનો બહિષ્કાર કરવા તથા રાષ્ટ્રીય શિક્ષણનો પ્રચાર કરવા માટે ઈ.સ.૧૯૧૩માં શેઠ પરિવારના ગલબીબાઈએ “ગલબીબાઈ એંગ્લો વર્નાક્યુલર સ્કુલ” સ્થાપી તથા ઈ.સ.૧૯૨૧માં મેમણ હાજી ઉસમાન અબદલે પોતાના ખર્ચે લાયબ્રેરીનું મકાન બનાવીને સાર્વજનિક ઉપયોગ માટે થરાદ દરબારશ્રી ભીમસિંહ વાઘેલાને અર્પણ કર્યું હતું. ઈ.સ.૧૯૨૧માં ગાંધીયુગના દરેક ન્યુઝ પેપર, સામયિકો લાયબ્રેરીમાં આવતા હતા. જગતાભાઈ પટેલ ગાંધીયુગના આંદોલનથી માહિતગાર થઈને થરાદ, વાવ, સુઈગામ, લાખણી મુકામે અંગ્રેજો સામે લડત માટે ભાવી યોજનાઓ ઘડતા હતા. આજે પણ આ દોલતસિંહજી લાયબ્રેરી થરાદમાં મોજુદ છે. અંગ્રેજોની સામે બહારવટે ચડેલા મીરખાનને મદદ કરી હોવાને કારણે ભીમસિંહ

વાઘેલાને અંગ્રેજોએ સાદરા જેલમાં કેદ કર્યા. આઝાદી મળતા ઈ.સ.૧૫/૦૮/૧૯૪૭ ના રોજ જેલમાંથી છુટ્યા બાદ સરદાર પટેલે જયારે અખંડ ભારતના નિર્માણ માટે હાકલ કરી ત્યારે ઈ.સ.૧૦/૦૫/૧૯૪૮ના રોજ રાજ્ય શાસનનો ત્યાગ કરી ભારતની લોકશાહી સરકારને થરાદ સોંપી દીધું.

આઝાદી પછી રવિશંકર મહારાજનું એક અધિવેશન થરાદ તાલુકાના મલુપુર ગામે મળ્યું હતું. આ અધિવેશનમાં વિનોબા ભાવેના ભૂદાન-ચળવળને જગતાભાઈએ ઉપાડી લીધું હતું. આ અધિવેશન પછી તેઓએ સાથી મિત્રો સાથે જનચેતના પ્રગટાવવા માટે પદયાત્રા કરીને ગામેગામ ફર્યા હતા. સ્વાતંત્ર્ય સંગ્રામમાં જગતાભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, પુનમચંદ પરીખ, મોહનલાલ પરીખ, હીરાલાલ પરીખ, મનજીભાઈ વિરમભાઇ પટેલ, લક્ષ્મણભાઈ ભાવાભાઈ પટેલ, ઉશમાનભાઈ રામાભાઈ ઘાંચી વગેરેએ સાથે મળી છેવાડાના માનવીને સ્વાતંત્ર્ય પ્રાપ્તિના ફળ ચખાડવાનું સરાહનીય કાર્ય કર્યું હતું.

- સ્થાનિક સ્વરાજ્યના સફળ સુકાની - “શાસ્ત્રીજી”

વાવ-થરાદ વિસ્તારના ઉત્થાન માટે આજીવન પુરુષાર્થ કરનાર લોકકર્મી શ્રી જગતાભાઈ માવાભાઈ પટેલ ‘શાસ્ત્રીજી’ ના હુલામણા નામથી ઓળખાતા હતા. પાયાની સુવિધાઓ સાકાર કરી ગ્રામ લક્ષ્મીની પૂજાનો અનોખો યજ્ઞ શરુ કયો હતો અને સાદગી, ખાદી સેવા અને ગાંધી વિચારને મૂર્તિમંત કરી થરાદ વિસ્તારના ઉત્થાન માટે પ્રસંશનીય કાર્ય કર્યું હતું.

*“જગતારામજી બાપુ એટલે વાવ-થરાદ વિસ્તારના કુલદીપ”*

નાગરવન બાપુ

ગુજરાતમાં પંચાયતી રાજ શરુ થતાં જગતાભાઈ પટેલ ડોડગામ ગૃપ ગ્રામપંચાયતના સરપંચ પદે બિનહરીફ ચૂંટાયા હતા. ઈ.સ. ૧૯૬૨થી થરાદ તાલુકા પંચાયતના ઉપપ્રમુખનું પદ ૧૪ વર્ષ સુધી દિપાવ્યું હતું. ત્યાર પછી ઈ.સ.૧૯૭૬ થી થરાદ તાલુકા પંચાયતના પ્રમુખપદે ૧૭ વર્ષ સુધી એટલે કે ઈ.સ.૧૯૯૩ સુધી રહી

અંતરિયાળ વિસ્તારના વિકાસ માટે પ્રયત્નો કર્યા હતા. આ સમયે તેઓ સફળ સ્થાનિક સ્વરાજ્યના સુકાની તરીકે ઉભરી આવ્યા હતા.

*"જગતાભાઈ પટેલ એટલે સુકા રણના સુકાની"*

માવજીભાઈ.સી.પટેલ

જગતાભાઈએ ઈ.સ.૧૯૬૪ થી આજીવન બનાસ બેંકના ડીરેક્ટર રહી બેન્કના વિકાસમાં સૌથી મોટો ફાળો આપ્યો હતો. ઈ.સ.૧૯૮૬ માં દુષ્કાળ સમયે શ્રી જગતાભાઈ પટેલ અને થરાદના ધારાસભ્ય શ્રી પરબતભાઈ પટેલ સાથે મળીને સરકારમાં એવી ધારદાર રજુઆત કરી કે તેના પડઘા દિલ્હીમાં પડ્યા અને તાત્કાલિક વડાપ્રધાન રાજીવ ગાંધીને થરાદ, વાવ, મલુપુર ની મુલાકાત લેવાની ફરજ પડી હતી. સતત ૨૫ વર્ષ સુધી તાલુકા પંચાયતના સભ્ય રહેવા બદલ તત્કાલિન મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરી દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું.

❖ **લોકહિતના કાર્યોના કર્તા :**

જગતાભાઈએ ગલબાબાઈની સાથે રહી બનાસકાંઠા ખેડૂત મંડળીને રચના કરી હતી. જેમાં ખેડૂતોને પોતાના પ્રશ્નો વ્યક્ત કરવાની વ્યવસ્થા કરી હતી. થરાદ તાલુકાની 40 શાળાઓને પાકા રૂમોથી સજ્જ કરાવી હતી. તેઓએ સૌથી વધુ શિક્ષણ પર ભાર મુક્યો હતો.

*"જગતતાત જગતાબાપુ નાગલામાં કરે નિવાસ,*

*સાદગી સરળતાથી કર્યા વહીવટ જેની નિરંતર રહે સુવાસ"*

❖ **રણમાં મીઠી વિરડી સમાન :**

**ગાયત્રી વિદ્યાલયની સ્થાપના**

જગતાભાઈએ પોતાના શિક્ષણના ધ્યેયને પરિપૂર્ણ કરવા અને શિક્ષણ ક્ષેત્ર દ્વારા સમાજની સેવા કરવાના ઉદેશ્યથી આંજણા પટેલ કેળવણી મંડળની ઈ.સ. ૧૯૭૮માં રચના કરી અને છાત્રાલયની શરૂઆત કરી. સમાજના કુરિવાજો સામે શંખનાદ

કરી સમાજને સુદ્રઢ સંસ્કૃતિમય બનાવવા ગાયત્રી વિદ્યાલયનો પાયો ઈ.સ.૧૯૮૬માં નાખ્યો હતો. તત્કાલિન નાનકડી સંસ્થા રણમાં મીઠી વિરડી સમાન સાબિત થઈ. પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને ઈ.સ.૨૦૦૪ માં આર્ટસ કૉલેજની શરૂઆત કરી હતી. આજે આ સંકુલ સરહદી વિસ્તારનું સૌથી મોટું સંકુલ છે.

*“બાપુના મહાપ્રયત્ને કરી નાખી કમાલ*

*ગાયત્રી શાળાની રચના કરી મચાવી ધમાલ*

*પ્રગટી થરાદ -વાવમાં શિક્ષણ કેરી મશાલ*

*પછાત વિસ્તાર થયો શિક્ષણથી માલામાલ”*

❖ સહકારથી સેવા :

જગતાભાઈએ થરાદ-વાવના વિકાસ માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. તેઓ પંચાયતી રાજ અંતર્ગત સરપંચ, તાલુકા પંચાયતના ઉપપ્રમુખથી પ્રમુખ સુધી સતત ૩૧ વર્ષ સુધી લોકોની સેવા કરી હતી. આ ઉપરાંત બનાસ બેંક, બનાસડેરી, લોકલબોર્ડ, જીલ્લા પંચાયત, જીલ્લા ખાદી ગ્રામ ઉદ્યોગ, ખેડૂત મંડળ વગેરે અનેક ક્ષેત્રોમાં ફાળો આપીને સહકારી માળખાથી લોકોની સેવા કરી હતી. સતત પાંચ દાયકા સુધી સામાજિક, શૈક્ષણિક, રાજકીય ક્ષેત્રમાં ઉમદા નેતૃત્વ પૂરું પાડી આમ જનતાના પથદર્શક બન્યા છે.

❖ સમાજના ઉદ્ધારક :

સામાન્ય અને ગરીબ માણસોના હમદર્દીપણું તેમનું ‘શાસ્ત્રીજી’ ઉપનામ પુરવાર કરવા માટેનું એક કારણ છે. જગતાભાઈ વ્યસન મુક્તિ, કુરિવાજો, ધાર્મિક પ્રચાર પસાર, અસ્પૃશ્યતા, આધુનિક ખેતી, પશુપાલન, શિક્ષણના વિકાસ ઉપર ભાર મુક્ત હતા. તેઓએ અસ્પૃશ્યતા નિવારણ માટે અભિયાન ચલાવ્યું હતું. તેઓએ જીલ્લાના આગેવાનોને નાગલા બોલાવીને હરીજનબંધુઓ સાથે સમૂહ ભોજન લીધું હતું. તેમને

લોકોમાં પડેલા ખોટા વિચારોને ડામવા માટે સામાજિક સમરસતા અને અસ્પૃશ્યતા નિવારણ માટેની મસાલ જગાવી હતી.

*"કોની હાકે મડદા જાગે, કાયર કેસરી થઇ તાડુંકે,*

*ગરીબોના અલબેલા જય જગતાબાપા , જય જગતાબાપા"*

-ડૉ.જે.જે.પટેલ

❖ **અગત્યતા :**

વાવ-થરાદના છેવાડાના વિસ્તારના ઉત્થાન માટે આજીવન પુરુષાર્થ કરનાર લોકકર્મી જગતાભાઈ પટેલ શાસ્ત્રીજી, જયપ્રભુ, પ્રમુખ સાહેબ, સરહદના સરદાર વગેરે હુલામણા નામોથી ઓળખાતા હતા. ભારતીય સંસ્કૃતિનું બીજ 'ત્યાગીને ભોગવી જાણ' જગતાભાઈના જીવન ચરિત્રમાં ચરિતાર્થ થાય છે.

❖ **ઉપસંહાર :**

જિંદગીને પૂર્વદિશા સમી બનાવીને એના સદ્કાર્યોનો સુરજ ચમકાવનાર અનેક મહાનુભાવોમાં શ્રી જગતાભાઈ પટેલની ગણના કરી શકાય. બનાસકાંઠા જીલ્લાના સમાજ સેવકો, રાજકારણીઓ, સહકારી પ્રવૃત્તિઓના પ્રણેતાઓમાં થરાદ તાલુકાના મહાનુભાવ શ્રી જગતાભાઈ પટેલનું પ્રથમ હરોળમાં નામ છે. આ મહામાનવનું અવસાન ૧૯/૦૧/૨૦૦૫ ના રોજ થયું હતું. થરાદ-વાવ વિસ્તારના વિકાસ માટે આજીવન પુરુષાર્થ કરનાર શ્રી જગતાભાઈ પટેલ એક વિશિષ્ટ વ્યક્તિ હતા.

❖ **સંદર્ભસૂચિ :**

1.આર.વી.પટેલ & વી.કે.ડાંગી - લોકકર્મી શ્રી જગતાભાઈ માવાભાઈ પટેલ

2.સંઘવી નવીન – થીરપુર નગર સોહામણું

3.રૂબરૂ મુલાકાત

1.શ્રી ઉદેશીભાઈ જે. પટેલ. આચાર્ય, શ્રી ગાયત્રી વિદ્યાલય, થરાદ. તારીખ-03/૦૧/૨૦૧૮

2.શ્રી જીવરાજભાઈ જગતાભાઈ પટેલ. ચેરમેન, ખરીદ વેચાણ સંઘ, થરાદ.( જગતાભાઈ પટેલના પુત્રશ્રી )

3.શ્રી ખેમજીભાઈ બી.પટેલ. મેનેજર, ખરીદ વેચાણ સંઘ, થરાદ.